જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૬/૨૦૨૨ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૨ | ૩,૮૬,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## **નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૧૪૦/૨૦૨૨**

**વાસણાઃ** અમુલભાઇ જગદીશભાઇ લોટવાલા (ઉ.વ.૪૯)(રહે.સ્વામીનારાયણ પાર્ક વિભાગ-૧ ભાઠાગામ વાસણા) એ તા.૨૫/૦૬/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૬/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાજેશ ઉર્ફે રાજુ પ્રજાપતિ અને (૨) દિલીપભાઈ બારોટ (ઓફીસ/દુકાન નં.એફ-૧૬ “કિષ્ના એન્ટરપ્રાઈઝ” સુમેલ-૮ અજીતમીલની સામે રખીયાલ) એ ભેગામળી અમુલભાઇને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી “ગોકુલ બ્રાન્ડ” નો આશરે ૩૨૦૦ કિ.ગ્રા “ઘી” નો જથ્થો મંગાવી લઇ તે પેટે ચુકવવાના કુલ રૂપિયા ૧૨,૦૯,૮૫૦/- નહી ચુકવી, અમુલભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

## **ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૨**

**કાગડાપીઠઃ** મનિષભાઈ રમેશભાઈ મકવાણા(ઉ.વ.૪૦)(રહે,જાગેશ્વર સોસાયટી, કંકુબા સ્કૂલની બાજુમાં, ઈસનપુર) એ તા.૨૫/૦૬/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે મનિષભાઇ તેમના મિત્ર સાથે સેકન્ડ હેન્ડ ટાયર લેવા માટે બહેરામપુરા કબાડી માર્કેટ નંબર-૨ ખાતે આવેલ. જ્યાં મનિષભાઇની કારની પાછળની સીટમા મૂકેલ બેગ કે જેમાં સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૩૪,૫૦૦/- ની મતા મુકેલ હતી તે બેગ કોઈ અજાણી વ્યક્તિ કારનો દરવાજો ખોલી ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૪૨/૨૦૨૨</u>**

**વાસણાઃ** રાજુભાઇ ચમનભાઇ વાઘેલા (ઉ.વ.૩૫)(રહે.જોગણીમાતાના મંદિર સામે યોગેશ્વરનગર વિભાગ-૧ ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે નાયલોનનો વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

**નરોડાઃ** લવધાબહેન અમરતજી ઠાકોર (ઉ.વ.૫૫)(રહે.સીતારામનગર ગણપતિ મંદીર નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**વટવાઃ** સમીર સ/ઓ મુબારક મંસુરી (ઉ.વ.૨૨)(રહે.અલફલા-૧ રો-હાઉસ મગદુમનગરની સામે સૈયદવાડી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૨ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને એલ.જી. હોસ્પીટલ ખાતે લઇ જતા રાતના ૧૦/૧૫ વાગે ફરજ ઉપરના ડો.શ્રી એ સમીરને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી